DATE :- 13-03-2026
SANDESH, PAGE-ii, SURAT

# ભેસાણ મેટ્રો ડેપોનું કામ પૂર્ણતાને આરે...



શહેરીજનોને ઝડપી યાતાયાત સેવા મળી રહે તે માટે ૧૨ હજાર કરોડ રૂપિયાથી વધુના મેટ્રો પ્રોજેક્ટનું કામ ઝડપથી કરવામાં આવી રહ્યું છે. ડ્રીમ સિટી ખાતે મેટ્રો ડેપો તૈયાર થઇ ગયા બાદ હવે કોરિડોર-૨ પર ભેંસાણ ડેપોનું કામ પણ પૂર્ણતાને આરે છે. સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટનો ઓર્ડર આપવામાં આવ્યો છે અને ટૂંકમાંજ ટ્રેન આવી ગયા બાદ ટ્રેન શરૂ કરી દેવાશે. શરૂઆતમાં ડ્રીમસિટીથી અલથાણ વચ્ચે ટ્રેન દોડાવાશે અને ત્યારબાદ ભેંસાણથી અડાજણ સુધી ટ્રેન દોડાવવાની તૈયારીઓ ચાલી રહી છે. - નિર્ભય કાપડિયા